# ગઝલ

## નીલેશ પટેલ

**.1.**

કોઈના પડછાયામાં ફરતો નથી,
હું ખુમારી વેડફી શકતો નથી.

જાતમાં ઝળહળ બધું જોઈ લીધું,
બહાર ખાંખાંખોળા કંઈ કરતો નથી.

ઝાડની વચ્ચે જ બેઠાં પંખીઓ,
ટોચ પર કંઈ છાંયડો મળતો નથી.

નમ્રતા નમવાની જેને આવડે,
એમનો પડછાયો પણ ખરતો નથી.

બહુ સુખી છું, એનું કારણ એ જ છે;
માથા પર મોટાઈ લઈ ફરતો નથી.

એવું અંદર કંઈ ઉમેરાઈ ગયું
એ પછીથી એકલો પડતો નથી.

**.2.**

આફતોએ બહુ પછાડ્યો છે મને,
પણ દીલાસાએ જીવાડ્યો છે મને.

સહેજ અજવાળું પ્રવેશ્યું જાતમાં,
દ્વારની માફક ઉઘાડ્યો છે મને.

જાત કાગળની હતી તો થાય શું?
જેમ ફાવે એમ ફાડ્યો છે મને.

તારા પ્રોત્સાહનની આ તાકાત છે,
હું પડ્યો જ્યારે, ઉપાડ્યો છે મને.

કંઈ વધારાની અપેક્ષાઓમાં રોજ,
એમ લાગે કે ખુટાડ્યો છે મને.

**.3.**

બહાર ભટકી એટલું સમજાયું છે,
આપણી ભીતર ઘણું સચવાયું છે.

શ્રેષ્ઠ માણસ માને છે એને બધા,
પણ મને મૃગજળ સમું દેખાયું છે.

એ બધા ચળકાટ પાછળ દોડે છે,
સાચું અજવાળું જ ક્યાં દેખાયું છે?

જ્યારથી ખટપટ બધી મુકી દીધી,
જીવવા જેવું પછી જીવાયું છે.

રોજ ઘરનું દ્વાર ખોલો છો તમે,
દ્વાર માફક શું હૃદય ખોલાયું છે?

કેટલી તોફાની છે એની નજર,
છેક અંદરથી બધું છલકાયું છે.

**.4.**

તને મળવું લાગે તીરસ્કાર જેવું,
ત્યજી નાખ મનથી અહંકાર જેવું,

અભરખા હટાવો ને સુખને સજાવો,
જીવન લાગશે ત્યારે દમદાર જેવું.

નીજાનંદની જ્યારે મસ્તી માણી,
હવે બહાર લાગે છે બેકાર જેવું.

નીયમ બહુ સરળ રાખવાના બને તો,
કે બીજાને લાગે નહીં ભાર જેવું.

મળ્યા ના મળ્યા ને ત્યાં છુટાં પડ્યાં,
નહીં ફાવે આપણને આ પ્યાર જેવું.

સતત લખતાં રહેવામાં આ ફાયદો છે,
હૃદયમાં ન પથરાય સુનકાર જેવું.

**.5.**

એમ લાગે કે અટકવા જેવું છે,
મન કહે એ રસ્તે વળવા જેવું છે.

રોજના લોહી ઉકાળા ના ગમે,
કંઈ નીવારણ આનું કરવા જેવું છે.

આગવા અંદાજથી આપે સલાહ,
સાલું આ માણસથી બચવા જેવું છે.

એ બધું આફતમાં નક્કી થાય છે,
હટવા જેવું છે કે ટકવા જેવું છે.

**.6.**

સમસ્યા અહીં રોજ સર્જાય છે, દોસ્ત,
તો પણ સાવ બીન્દાસ જીવાય છે, દોસ્ત.

સહજ સમજે તો વાત લંબાવું આગળ,
નહીંતર એ મારામાં સચવાય છે, દોસ્ત.

મને દીલ સુધી આવવા નહોતો દીધો,
એ લોકોને મારી ફીકર થાય છે, દોસ્ત.

થયો થાકનો બહુ ભયંકર અનુભવ,
તણખલાનો પણ ભાર વર્તાય છે, દોસ્ત.

અરીસો ને તારી ગઝલ એક સરખા,
ઘણું બેઉમાં સ્પષ્ટ દેખાય છે, દોસ્ત.

**.7.**

નબળાઈ ટુંકી રીતથી ઢંકાઈ જાય છે,
બીજાના જોરથી ઘણા ઉંચકાઈ જાય છે.

સ્પર્ધા કરીને શ્રદ્ધા ગુમાવી દીધી છે તેં,
તારામાં તેથી ચીંતા ઉમેરાઈ જાય છે.

ફોરમ ફુલોની દુર સુધી વીસ્તરી ઉઠે
માણસની ખ્યાતી એ રીતે ફેલાઈ જાય છે.

વરસાદમાં તું છત્રી લઈ નીકળી પડ્યો,
પણ આંસુઓથી રોજ તું ભીંજાઈ જાય છે.

પીડા ને શ્વાસની રહે ઉરમાં અવર–જવર,
કાયમ હૃદયમાં પીડા જ રોકાઈ જાય છે.

**.8.**

કોઈના પગમાં તું પથરાઈ ન જા,
છે મને ડર, ક્યાંક અટવાઈ ન જા.

જીભ પણ આરામ ઈચ્છે છે હવે,
એટલું બોલીને ખર્ચાઈ ન જા.

એક સરખો જોવા ઝંખું છું તને,
જ્યારે આવે ત્યારે બદલાઈ ન જા.

આપણું સરનામું પણ દુ:ખ પાસે છે,
સુખ મળ્યું છે હમણાં હરખાઈ ન જા.

કાંકરા સરખુંય થોડું સ્થાન રાખ,
ધુળ માફક સાવ ઉંચકાઈ ન જા.

બારી પર તડકો કહે અંધારને,
ચાર ભીંતો વચ્ચે સંતાઈ ન જા.

**.9.**

બધાને નમસ્કાર કરવા પડે છે,
સમય પર ઈરાદા બદલવા પડે છે.

અહીં સારા માણસની છે છાપ જેની,
વધારે તો એને સમજવા પડે છે.

હતા છત્રી સરખા જ ઉપકાર બે ત્રણ,
ગગન સરખા બદલા ચુકવવા પડે છે.

નીયમમાં ન જીવાય કાયમ અહીંયાં,
ઘણીવાર મુલ્યો બદલવાં પડે છે.

ઘણાને સરળતાથી અઢળક મળી જાય,
ઘણાને ખુણા ખુંદી વળવા પડે છે.

**.10.**

દર્દનો જ્યારે વધારો થઈ જશે,
તારું આશ્વાસન સહારો થઈ જશે.

એક દીવા સરખી નાની યાદ પણ,
લાગે છે, દીલમાં સીતારો થઈ જશે.

કોઈની આંખે ચડ્યા તો શું થયું?
સહેજ હીમ્મતમાં વધારો થઈ જશે.

આમ તું સંકટમાં શરણાગતી ન લે,
ભીતરે કાયમ ઉતારો થઈ જશે.

આફતો અડફેટમાં લઈ લો મને,
એ બહાને કંઈ સુધારો થઈ જશે.

નીલેશ પટેલ

કવીનું પ્રકાશીત સર્જન: 'આગ પર અક્ષર લખીએ'(ગઝલસંગ્રહ), પ્રકાશન વર્ષ : ૨૦૧૨, મુલ્ય : ૬૦ રુપીયા. પ્રકાશક: પોતે, પ્રાપ્તી સ્થાન : નીચેને સરનામે :-

કવીસમ્પર્ક: શ્રી કલ્યાણી ટ્રેડર્સ, સાયણ–ઓલપાડ રોડ, મુકામ : પરીઆ, પોસ્ટ : સાયણ, તાલુકો : ઓલપાડ, જીલ્લો : સુરત–394130, મોબાઈલ : 99096 32291

eMail: patelnilesh9996@gmail.com

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો સુરતના યુવાગઝલકારો ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : ચૌદમું – અંક : 406 – August 05, 2018

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: સુનીલ શાહ - sunilshah101@gmail.com

♦●♦

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,53,94,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,06,40,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 10,19,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 10,59,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@